હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હમણાં ચંદ્રયાન ચંદ્ર પર ઊતારવા જેવું નથી..., લોકો આર.ટી.ઓ.ની માથાકુટમાં આપણી સિદ્ધિની નોંધ જ નહીં લે....

પંચાયતના સર્વિસ રોડ નજીક સ્ટ્રોમ લાઈનનું કામ ઝડપથી પુરું કરો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના સર્વિસ રોડ પર નાખવામાં આવી રહેલ સ્ટ્રોમ વૉટર લાઈનની કામગીરી સત્વરે પુરી કરવા માટે આજે નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ નાયબ મ્યુનિ. કમિશ્નરને પત્ર લખી જાણ કરી છે.

કર્મચારીઓ અને મુલાકાતીઓ દ્વારા આ અંગે થયેલ રજુઆત પછી હરકતમાં આવેલા તંત્રએ કામગીરી ઝડપથી સંપન્ન કરવામાં આવે તેવુ સ્પષ્ટ લખી દીધુ છે. નાયબ મ્યુનિ. કમિશ્નરશ્રીને પાઠવવામાં આવેલા પત્રમાં પંચાયતની કચેરીને પડી રહેલી મુશ્કેલી તેમજ ત્યાં અકસ્માત થવાનો ઉભો થયેલો ભય ઉપરાંત પડેલા ખાડાઓને પગલે વરસાદી પાણી ભરાઈ રહેતા હોવાથી રોગચાળાનો ભય વ્યક્ત કરવામાં આવ્યો છે.

જો કે મનપાના તંત્રને આ મુદ્દે કોઈ જ અસર થતી હોય તેમ લાગતુ નથી કારણ કે બે દિવસથી કામ બંધ છે અને ચેમ્બરો પણ હજુ આ લાઈનની તૈયાર થઈ નહિ હોવાથી એકાદ સપ્તાહ લાગશે એમ મનાઈ રહ્યુ છે. બીજી તરફ વન વિભાગની આડોડાઈએ એટલી હદ વટાવી દીધી છે કે પંચાયતનું કોમ્યુનિકેશન નેટવર્ક જે ખોરવાઈ ગયુ છે તે માટે જી.સ્વાનની પણ કામગીરીમાં રૂકાવટો ઉભી કરવાનો પ્રયાસ ચાલે છે.

મનપા તંત્ર દ્વારા પંચાયતીરાજની આટલી મોટી સંસ્થાને હેરાન કરવાનો સુઆયોજિત નીતિ હોય તેવુ લાગે છે તેવી વાતો આજે પંચાયતના કર્મયોગીઓ કરતા જણાયા હતા.

આ મુદ્દે આજે નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ હવે પત્ર લખીને નાયબ મ્યુનિ. કમિશ્નરને રજુઆત કરવાની ફરજ પડી છે તે દર્શાવે છે કે મનપાનું તંત્ર મનમાની કરી રહેલ છે અને સંબંધિત વિભાગો સાથે સુયોગ્ય સંકલન પણ કરતુ નથી.

ચંદ્રયાનને અનુલક્ષીને ગણેશ પંડાલનું અંતરિક્ષ થીમ આધારિત સુશોભન

ભારતે ચંદ્રયાન-૨ સફળતાપૂર્વક અંતરિક્ષમાં મોકલીને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે વિશ્વભરમાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રાપ્ત કર્યુ છે. જેની અસર ગાંધીનગરમાં ગણેશ ઉત્સવ દરમિયાન જોવા મળી રહી છે. શહેરમાં રકતદાન જેવી સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવા સેવાભાવી યુવાનોની સંસ્થા ગૂંજ ફાઉન્ડેશનના યુવાનો દ્વારા સે-૫-બી ખાતે શ્રી ગણેશ મિત્ર મંડળના નેજા હેઠળ સતત સાતમા વર્ષે ગણેશ મહોત્સવ ઉજવવામાં આવે છે જેમાં તેઓ માટીની મૂર્તિ સાથે દર વર્ષે નવી થીમ સાથેના સુશોભન કરવા માટે જાણીતા છે. આ વર્ષે તેમણે મિશન મૂન આધારિત અંતરિક્ષની થીમ સાથે સુશોભન કર્યુ હતું. જેને નિહાળવા સેકટરવાસી સહિત અનેક મુલાકાતીઓએ મુલાકાતી લીધી હતી. પાંચ દિવસના મહોત્સવ દરમિયાન તેમણે સુંદરકાંડના પાઠ, આનંદનો ગરબો, મહાઆરતી જેવા ધાર્મિક પ્રસંગો ઉજવ્યા બાદ શુક્રવારે ગણપતિ વિસર્જન કર્યું હતું.

ચિલોડા પોલીસે ૨૪ બોટલ વિદેશી દારુ પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૬

ચિલોડા પોલીસે ચંદ્રાલા નજીકથી દારુની ૨૪ બોટલ પકડી પાડી છે. ચિલોડા પોલીસ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેંકીગ કરી રહી હતી તે દરમિયાન હિંમતનગર તરફથી એક બાઈક ચાલક આવ્યો હતો. બાઈકની બાજુમાં થેલો લટકાવીને શંકાસ્પદ જણાતા યુવકને પોલીસે રોકવાનો ઈશારો કર્યો હતો. જેને પગલે યુવકે બાઈક નં.જી.જે.૦૧.યુ.આર.-૩૨૨૧ ચિલોડા તરફ દોડાવી મુક્યું હતું. પોલીસે બાઈક ચાલકનો પીછો કરતા બાઈક ચંદ્રાલા ગામ પાસે મુકીને ખેતરમાં અંધારાનો લાભ લઈ ભાગી છુટ્યો હતો. બાઈક પર રહેલ થેલો પોલીસે ચેક કરતા તેમાં વિદેશી દારુની ૨૪ બોટલ મળી આવી હતી. જેને પગલે ચિલોડા પોલીસે રૂ.૭૨૦૦ ની કિંમતનો દારુનો જથ્થો અને રૂ.૨૫ હજારનું બાઈક કિંમતનું પલ્સર બાઈક કબ્જે કર્યું હતું.પોલીસે બાઈક નંબરના આધારે ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર દ્વારા 'રાષ્ટ્રીય સમુહગાન પ્રતિયોગતા'નું આયોજન

ભારત વિકાસ પરિષદ અનેક સેવા અને સંસ્કાર લક્ષી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે. દર વર્ષે શાળાઓમાં 'ભારત કો જાનો' સ્પર્ધાનું આયોજન થાય છે જેમાં મોટી સંખ્યામાં બાળકો જોડાય છે. ગુરુપૂર્ણિમા વખતે 'ગુરુ વંદના અને છાત્ર અભિનંદનનો' અનોખો કાર્યક્રમ યોજાય છે.તે ઉપરાંત અનેક સેવાલક્ષી અને પારિવારિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

તા ૮/૯/૨૦૧૯ , રવિવારના દિવસે ટાઉનહોલ, સે -૧૭ ખાતે સવારે ૮:૩૦ થી ૧:૦૦ વાગ્યા દરમિયાન 'રાષ્ટ્રીય સમુહગાન પ્રતિયોગતાનું' આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ગાંધીનગરની વિવિધ શાળાઓની ૨૯ ટિમો ભાગ લેવાની છે જે હિન્દી અને સંસ્કૃતમાં દેશભક્તિ ના ગીતો રજૂ કરશે. પ્રાથમિક, માધ્યમિક અને સંસ્કૃત વિભાગમાં પ્રથમ ત્રણ આવનાર ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવશે. પ્રથમ આવનાર ટિમ પ્રાંત, રાજ્ય અને દેશ લેવાલે ભાગ લેવા માટે જશે.

કૌશલ્યપૂર્ણ અને માનવતાપૂર્ણ સંવેદનશીલ નાગરિકોનું ઘડતર જરૂરી : શંકરસિંહ વાઘેલા

સમર્પણ કોલેજના યજમાન પદે યોજાઈ રહેલા ગુજરાત યુનિવર્સિટીના યુવક મહોત્સવ ''અભિવ્યક્તિ-૨૦૧૯''ના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રીનો સંદેશ : જય વસાવડા ઉપસ્થિત રહ્યાં

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે સવારે સેક્ટર-૧૭માં

ટાઉનહોલ ખાતે ગુજરાત યુનિવર્સિટીના યુવક મહોત્સવ 'અભિવ્યક્તિ'ને ખુલ્લો મુકતા જણાવ્યું હતું કે ''વિવિધ જવાબદારીઓનું વહન કરી શકે તેવાં કૌસલ્યપૂર્ણ અને માનવતાપૂર્ણ સંવેદનશીલ નાગરિકોનું ઘડતર કરી તેમને રાષ્ટ્રની તેમજ વિશ્વની સેવા અર્થે સમર્પિત કરવા જોઈએ'' શંકરસિંહ વાઘેલા દ્વારા સ્થાપિત સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના યજમાનપદે યોજાઈ રહેલા 'અભિવ્યક્તિ' યુવક મહોત્સવના ઉદ્‌ઘાટન ટાણે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અનિલભાઈ નાયક અને જાણીતા લેખક-વક્તા જય વસાવડા ઉપસ્થિત રહ્યાં હતા. ઉદ્‌ઘાટન સમારોહ અગાઉ વહેલી સવારે પંચદેવ મંદિરથી સ્પર્ધકોની વિવિધ ટેબ્લો સાથે માર્ચ પાસ્ટ યોજાઈ હતી.

''અભિવ્યક્તિ-૨૦૧૯''ના ઉદ્‌ઘાટન સમારંભ પૂર્વે વહેલી સવારે પંચદેવ મંદિરથી યોજાયેલી માર્ચ પાસ્ટમાં યુવા સ્પર્ધકોએ ગાંધીજીના સંદેશ, પર્યાવરણ જાળવણી તથા યુવા પ્રવૃતિઓ સહિતની વિવિધ થીમ સાથે ધ્યાનાકર્ષક રેલી યોજી હતી જેમાં કોલેજના આચાર્ય ડો. દીપક પંડ્યા સહિત સ્ટાફગણ જોડાયો હતો. આ માર્ચ પાસ્ટ ઘ-૫ થી ઘ-૪ સર્કલેથી ટાઉનહોલ પહોંચી હતી.

આ પ્રસંગે ડૉ. અનિલભાઈ નાયકે કહ્યું હતુ કે 'સમર્પણ કોલેજના યજમાનપદે 'અભિવ્યક્તિ-૨૦૧૯'નું આયોજન આનંદ અને ગૌરવપ્રદ ઘટના છે' જય વસાવડાએ કોલેજના યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે 'આ યુવક મહોત્સવમાં ૪૩ કોલેજના જે ૧૧૧૮ વિદ્યાર્થીઓ ભાગ લઈ

રહ્યાં છે તેમનામાં પડેલી સુષુપ્ત કલાશક્તિઓ પ્રગટ થવા સાથે સાચા અર્થમાં 'અભિવ્યક્તિ મંચ' બની રહેશે.' કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચનમાં કોલેજના આચાર્ય ડૉ. દીપક પંડ્યાએ તમામ સ્પર્ધકોને આવકારી શુભેચ્છા પાઠવી હતી. સમાપને પ્રાધ્યાપક ડૉ. સમીર ભટ્ટે આભાર દર્શન વ્યક્ત કર્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન પ્રો. વૈભવ કોઠારી અને પ્રો. શ્વેતા પવારે કર્યુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે 'અભિવ્યક્તિ-૨૦૧૯' યુવક મહોત્સવમાં ૨૯ સ્પર્ધાઓ માટે ગુજરાત યુનિવર્સિટીના ઉત્તર વિભાગની ૮૨ પૈકી ૪૩ કોલેજના કુલ ૧૧૧૮ યુવા સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. અભિવ્યક્તિમાં શાસ્ત્રીય ગાયન, શાસ્ત્રીય વાદ્ય, સમૂહ ગીત, સુગમ સંગીત, લોકનૃત્ય, શાસ્ત્રીય નૃત્ય, એકાંકી, મિમિક્રી, શેરી નાટક, ચિત્ર, કોલાજ, પોસ્ટર મેકીંગ, કલે મોડેલિંગ, કાર્ટૂનિંગ, રંગોળી, સ્પોટ ફોટોગ્રાફી, મહેંદી, ઈન્સ્ટ્રોલેશન, ક્વિઝ, વક્તૃત્વ, ડિબેટ, કાવ્ય પઠન, કાવ્યલેખન જેવી સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. આ સ્પર્ધાઓ ત્રણ વિભાગમાં યોજાઈ રહી છે. ઉદ્‌ઘાટન સમારોહ સાથે ટાઉનહોલનો મંચ રાસ-ગરબા અને નૃત્ય જેવી સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિથી ધમધમી ઉઠ્યો હતો.

સરગાસણ ચોકડી પર જિલ્લા પોલીસ વડાએ જાતે ટ્રાફિક કલીયર કર્યો

રાત્રીના સમયે ઝરમર વરસાદમાં અડધો કલાક એસપી ઉભા રહ્યા

ગાંધીનગર, તા.૬

ન્યું ગાંધીનગર શહેરના સરગાસણ ચાર રસ્તા પાસે ટ્રાફિકજામની સમસ્યા સર્જાય છે. સરગાસણ ચાર રસ્તા ખાતે સવારે તેમજ સાંજે ચોતરફ વાહનોની કતારો લાગે છે. પહેલા હું નીકળી જવાની ભારે ઉતાવળા વાહન ચાલકોને પગલે ચારેબાજુ વાહનોનો ખડકલો સર્જાય છે. ત્યારે ગઈકાલ રાત્રીના સુમારે ઝરમર ઝરમર વરસાદની વચ્ચે ટ્રાફિકજામ થતા વાહનોની લાંબી લાઈનો લાગી હતી. ત્યારે ૧૧ વાગ્યાના અરસામાં ગાંધીનગર એસપી મયુરસિંહ ચાવડા ત્યાંથી પસાર થયા હતા. ટ્રાફિકજામ અને નાગરીકોની વચ્ચે થઈ રહેલી રકઝકને પગલે સ્થિતિ પામી ગયેલા એસપીએ ગાડી ઉભી રખાવી દીધી હતી અને જાતે જ ટ્રાફિક

નિયંત્રણમાં લાગી ગયા હતા.વરસતા વરસાદમાં ગણતરીની મિનિટોમાં ટ્રાફિક કલીયર કરાવી દીધો હતો. ત્યારબાદ પીસીઆર વાનને જાણ કરતા તાત્કાલીક બીજા પોલીસ જવાનો આવી ગયા બાદ એસપી ત્યાંથી જવા માટે રવાના થયા હતા.

સાયન્સ સિટી ખાતે શિક્ષક દિને સિટી નોલેજ અને ઈનોવેશન કલસ્ટર આધારિત સેશન યોજાયુ

ગાંધીનગર, તા. ૬

શિક્ષક દિનના અનુસંધાનમાં આજે ગુજકોસ્ટના સહયોગથી ડીએસટી અને ઓફિસ ઓફ ધ પીએસએ-જીઓઈ દ્વારા ગુજરાત સાયન્સ સિટી ખાતે આજે સિટી નોલેજ એન્ડ ઈનોવેશન કલસ્ટર પર બ્રેઈન સ્ટોર્મિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ સિટી ખાતે પીએસએના સાયન્ટિફિક સેક્રેટરી ડૉ. અરવિંદ મિત્રા તથા સેક્રેટરી હરિત શુકલાની ઉપસ્થિતિમાં યોજાયેલ બ્રેઈન સ્ટોર્મિંગ સેશનમાં ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, જીએસબીએમના ડેપ્યુટિ ડાયરેક્ટર, ડેપ્યુટિ મ્યુનિસિપલ કમિશ્નર, જીટીયુના વાઈસ ચાન્સેલર, અમદાવાદ યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ

તથા જીએસએફયુ, પ્લાઝા રિસર્સ સેન્ટર, ઔડા, સેપ્ટ, ડીએસાઈઆઈસીટી જેવી સંસ્થાઓના અગ્રણી શિક્ષણવિદો, સંશોધકો, શિક્ષણશાસ્ત્રીઓ, ઈનોવેશન સાહસિકો વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. સચિવ હરિત શુકલની ઉપસ્થિતિમાં યોજાયેલ અમદાવાદ સિટી નોલેજ એન્ડ ઈનોવેશન કલસ્ટર પરના બ્રેઈન સ્ટોર્મિંગ સેશનમાં સાયન્સ એન્ડ ટેકનોલોજીના વિકાસથી જનતાની સમસ્યાઓ દૂર કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગ્લોબલ વોર્મિંગ, પ્રદૂષણ, ટ્રાફિક, બાયોવેસ્ટ મેનેજમેન્ટ, ઈલેક્ટ્રિસિટી, વૉટર મેનેજમેન્ટ વગેરે પ્રશ્નોના સમાધાન માટે સાયન્સ અને ટેકનોલોજી કેવી રીતે વધુને વધુ સહાયક થઈ શકે તે જણાવ્યું હતું.

ડભોડા હનુમાનદાદાના દર્શને જવા સિટી બસ સુવિધાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત યોગી સીટી બસ ધાર્મિક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપી મુસાફરોને આ સ્થળોએ જવા આવવાની સુલભતા રહે તેવા પ્રયાસો કરી રહી છે. જેમાં આજથી ગાંધીનગર નજીક આવેલા પ્રસિધ્ધ યાત્રાધામ એવા ડભોડાના હનુમાન મંદિર જવા આવવા સીટીબસ સુવિધાનો પ્રારંભ કરેલ છે.

યોગી સીટીબસે શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાઈને વિદ્યાર્થીઓને સમયસર સલામત અને સગવડવાળી બસો પૂરી પાડી સેવાના ધર્મને પ્રાધાન્ય આપ્યું છે તો ગાંધીનગર તથા આજુબાજુની જનતાને શ્રેષ્ઠ મુસાફરીનો પર્યાય પ્રાપ્ત કરાવી મુસાફરી સરળ બનાવી છે. તેજ રીતે ધાર્મિક સ્થળોએ જવા આવવા માટે ધર્મપ્રેમી જનતાને સરળતા ઉભી થાય તે હેતુથી આજે શનિવારથી ડભોડા હનુમાન મંદિર સુધીની સીટીબસ શરુ કરી છે.

ડભોડીયા હનુમાન તરીકે પ્રસિધ્ધ શ્રધ્ધાના આ ધામે શનિવારે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટે છે જેમની લાગણી અને માંગણીને ધ્યાને લઈ ડભોડાના હનુમાન મંદિર ટ્રસ્ટે ડભોડા સુધી સીટી બસ શરુ કરવા રજુઆત કરેલ હતી જેને અગ્રતાના ધોરણે સ્વીકારીને સીટીબસના સંચાલકોએ ધર્મપ્રેમી જનતાને આ સુવિધા પુરી પાડી છે.

આ અંગે સીટીબસના સંચાલક વિરેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે આજથી પ્રસિધ્ધ યાત્રાધામ ડભોડાના હનુમાન મંદિરે સીટીબસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે દર શનિવારે આ સુવિધા શ્રધ્ધાળુઓ માટે ઉપલબ્ધ બની રહેશે તેમજ સીટીબસના ડભોડાના સમયપત્રક માટે જનતાએ મો.નં. ૭૬૨૨૯ ૮૯૮૨૧ ઉપર સંપર્ક કરેથી તમામ માહિતી ઉપલબ્ધ રહેશે. જેનો મુસાફરોએ મોટી સંખ્યામાં લાભ લેવા અપીલ છે.

ખાતરી સમિતિ સરદાર સરોવર ડેમના અભ્યાસ પ્રવાસે જશે

રાજ્ય સરકારે આપેલી ખાતરીઓ સંદર્ભે ગુજરાત વિધાનસભા દ્વારા રચાયેલી ખાતરી સમિતિ આગામી તા. ૧૦ અને ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ બે દિવસ માટે સરદાર સરોવર ડેમના અભ્યાસ પ્રવાસે જશે.

ખાતરી સમિતિ બે દિવસ દરમિયાન સરદાર સરોવર ડેમ તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત પણ લેશે. સમિતિ ૧૦મી સપ્ટેમ્બરે બપોરે ૧ કલાકે સદસ્ય નિવાસથી નિકળી કેવડિયા કોલોની પહોંચશે. રાત્રી રોકાણ બાદ ૧૧મી સપ્ટેમ્બરે સવારે ૯ કલાકે સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા સરદાર સરોવર ડેમની મુલાકાત લઈ બપોરે ગાંધીનગર આવવા રવાના થશે.

ચેક પરત થવાના કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા

ચેકની રકમના ૧૦ લાખ પણ વળતર પેટે ચુકવી આપવા આદેશ

ચેક પરત થવાના કેસમાં સેકટર -૨ માં રહેતા આરોપીને ગાંધીનગર કોર્ટે બે વર્ષની સજા ભોગવવા હુકમ કર્યો છે. આરોપીને રૂ ૧૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જયારે ૧૦ લાખની રકમનો ચેક પરત થવાના કેસમાં કોર્ટે સજાનો આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આ કેસના ફરિયાદી વિષ્ણુભાઈ પ્રભુદાસ પેટલ રહે કાનમ રેસીડન્સી કુડાસણે તેમના સે-૨ સી પ્લોટ નં-૧૫૪૬ :૧ માં રહેતા મિત્ર રાજેન્દ્ર વિઠલભાઈ પટેલને વર્ષ ૨૦૧૭ માં ઉછીના ૧૦ લાખ રૂપિયા આપ્યા હતા. જયારે લેંણી રકમની ઉઘરાણીના અંતે ચેક પણ આપ્યો હતો. વર્ષ ૨૦૧૮ માં આરોપીએ ચેક આપ્યો હતો. જયારે આ ચેક બેંકમાં જમા કરાવતા પરત થયો હતો. જે અન્વયે ફરિયાદીએ આરોપીને વકીલ મારફતે નોટીસ આપી હતી.આમછતા કોઈ જવાબ ન મળતા આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા આરોપી રાજેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ પટેલને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા કોર્ટે આદેશ કર્યો છે. આ ઉપરાંત ફરિયાદીની ચેકની ૧૦ લાખની રકમ વળતર પેટે ચુકવી આપવા પણ આદેશ કર્યો છે. કોર્ટના ચુકાદા વેળાએ આરોપી હાજર ન હોવાથી કોર્ટે તેની સામે બિન જામીન પાત્ર વોરંટ ઈસ્યુ કરવાનો પણ આદેશ કર્યો છે.

શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે પ્રશ્નાવલી પુસ્તિકાનું વિમોચન

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકાર દ્વારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા આદિજાતિ કલ્યાણ વિભાગના સીધા નિયંત્રણ હેઠળની જિલ્લાકક્ષાએ વિવિધ કલ્યાણકારી યોજનાઓનો જેઓ અમલ કરી રહ્યાં છે તેવા નાયબ નિયામક, તકેદારી અધિકારી, સમાજ કલ્યાણ અધિકારી, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, સમાજ કલ્યાણ નિરીક્ષક તથા સિ. ક્લાર્ક સંવર્ગની અનેકવિધ જગ્યાઓ ઉપર જીપીએસસી, ગૌણ સેવા પસંદગી મંડળ તથા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયાઓ થઈ રહી છે.

ઉપરોક્ત વિવિધ જગ્યાઓની સ્પર્ધાત્મક પરીક્ષામાં પરીક્ષાર્થીઓને ઉપયોગી થાય તેવી ૩૫૦ પ્રશ્નો અને તેના જવાબો સાથેની પ્રશ્નાવલી પુસ્તિકાનું વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. એમ.બી. પરમાર (આઈએએસ નિવૃત્ત), પી.કે. ગઢવી (આઈએએસ નિવૃત્ત), કે.ડી. કાપડીયા (આઈએએસ), પી.એમ. ચાવડા, નટુભાઈ પરમાર, દિનુ ભદ્રેસરીયા તથા જીતુભાઈ વાઘેલા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તા. ૮-૯-૧૯ને રવિવારના રોજ બપોરે ૩ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સે. ૧૨ ગાંધીનગર ખાતે પુસ્તિકા વિમોચન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યુ છે.

તેજ આઈ સેન્ટર દ્વારા મહાનગરપાલિકા ખાતે ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર મહાનગર પાલિકાની આરોગ્ય શાખા દ્વારા નગરજનોના આરોગ્યની સેવા સાથે પાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા સમગ્ર કર્મચારીગણ માટે પાલિકાના કોન્ફરન્સ હોલમાં બપોરે ૧૨ થી ૪ કલાક દરમ્યાન ડો. તેજલ દલાલ સંચાલિત 'તેજ આઈ સેન્ટર'ના સહયોગથી આઈ ચેકઅપ તથા સારવાર અને ડાયાબિટીસ, બી.પી.ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈ સેન્ટર તથા આરોગ્ય શાખાની સુંદર સેવા થકી ઈંચાર્જ ડેપ્યુટી કમિશનર ડો. કે.આઈ.ગોસ્વામી સહિત ૧૧૧ જેટલા અધિકારીઓ/કર્મચારીઓએ આંખોની ડાયાબિટીસ,બી.પી.તેમજ આંખોની તપાસ કરાવીને સારવાર અંગે માર્ગદર્શન મેળવ્યુ હતું. આ કેમ્પમાં જાણીતા આઈ સર્જન ડો.તેજલ દલાલ સહિત અક્ષય ચૌધરી, સુભમ બાજપાઈ, દર્શના નાયડુ, કાજલ રાવલ, નિર્મલ બારોટ, FHW સેજલબેન તથા ભાવનાબેન દ્વારા સુંદર સેવા પુરી પાડવામાં આવી હતી.

ચિલોડા ખાતે પ્રધાનમંત્રી કિસાન-માન ધન યોજના અંતર્ગત બે દિવસીય કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગ્રામ પંચાયત હોલ ખાતે પ્રધાનમંત્રી કિસાન-માન-ધન યોજના અન્વયે બે દિવસ ઓનલાઈન-ઓફલાઈન રજીસ્ટ્રેશન કામગીરીનો કેમ્પ યોજાયો હતો. આ યોજના હેઠળ ૧૮ થી ૪૦ વર્ષની ઉંમરના પાત્રતા ધરાવતા ખેડૂતો યોજનાની શરતો મુજબ જોડાવા માટે પાત્ર છે. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા નાના-સિમાંત ખેડૂતો ૬૦ વર્ષ બાદ રૂ. ૩૦૦૦નું પેન્શન મેળવવા પાત્ર બનશે. ખેડૂતોએ રૂ. ૫૫ થી રૂ. ૨૦૦ પ્રતિમાસ કિસાન પેન્શનનિધિમાં જોડાવવા ઈચ્છુક તેમના આધારનંબર અને બેંક પાસબુક સાથે ઓનલાઈન ઓફલાઈન રજીસ્ટ્રેશન કેમ્પમાં ચિલોડા ખાતે ૧૭૭ કિસાનોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. પરિણામે આ કેમ્પમાં સારો પ્રતિસાદ મળતાં મદદનીશ ખેતીવાડી અધિકારી અનિશ ભટ્ટ, વિસ્તરણ અધિકારી કુ. હાર્દિબેન પટેલ, ગ્રામસેવક જગદીશભાઈ ગોહિલ, એ.ટીએમ. નટુભાઈ સુતરીયા, ડી.ટી.એમ. મહેશભાઈ ઠાકર તથા આત્મા પ્રોજેક્ટના સંલગ્ન સેવાભાવી કાર્યકરો ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચ વસુમતીબેન પટેલ, પંચાયત સદસ્ય પી.એલ.વી. નટુભાઈ પટેલે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.